કમિશનર શાળાઓની કચેરી
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.

ક્રમાંક:- COS/AEI/e-file/276/2025/1029/Establishment/m-9

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય :- જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષકની ખાલી જગ્યાઓ ભરવા જિલ્લા કક્ષાનો કેમ્પ યોજવા બાબત.

સંદર્ભ :- (૧) શિ.વિ.ના પત્ર ક્રમાંક – પરચ/૧૨૨૦૦૦/૬૫૭/લ, તા.૧૯/૦૨/૨૦૦૧
(૨) આ કચેરીના પરિપત્ર ક્રમાંક મકવ/૪૯/મ.૯/૧૪-૧૫/૯૩૧૫-૫૦, તા.૦૮/૦૯/૨૦૧૪
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સમશ-૧૦૨૦૨૦-૩૬૩-ગ.૧ , તા.૦૯/૦૩/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષકની જગ્યાઓ મદદનીશ શિક્ષક સંવર્ગમાંથી ભરવામાં આવે છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં ખાલી પડેલ મદદનીશ શિક્ષણ નિરીક્ષકની જગ્યાઓ પર આપના જિલ્લા હસ્તકની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના જવા ઇચ્છતા શિક્ષકોને શિક્ષણ વિભાગના તા.૧૯/૦૨/૨૦૦૧ અને તા.૦૯/૦૩/૨૦૨૧ના પત્રની સુચના તથા પ્રવર્તમાન જોગવાઇઓ તેમજ નીચેની સૂચનાઓ ધ્યાને લઇ તા.૦૩/૦૫/૨૦૨૫ સુધીમાં જિલ્લા કક્ષાનો કેમ્પ કરી મદદનીશ શિક્ષણ નિરીક્ષકની નિમણૂંક કરવાની રહેશે.

**<u>મદદનીશ શિક્ષણ નિરિક્ષક તરીકે નિમણૂક અંગેની જરૂરી સુચનાઓ</u>**

1. મદદનીશ શિક્ષક તરીકે ઓછામાં ઓછા ૦૫ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા મદદનીશ શિક્ષકોનો મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકેની નિમણૂંક આપવાની પાત્રતામાં સમાવેશ કરવાનો રહેશે. (શિક્ષણ સહાયક તરીકેની સેવાઓ પણ આ સમયગાળા માટે માન્ય ગણાશે.)
2. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં મંજૂર થયેલ મદદનીશ શિક્ષણ નિરીક્ષકની જગ્યાઓ પૈકી ૫૦ ટકા જગ્યાઓ માધ્યમિક વિભાગના શિક્ષક તરીકે કામ કરતા અને ૫૦ ટકા ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક તરીકે કામ કરતા શિક્ષકોને મૂકવાને રહેશે.
3. જે મદદનીશ શિક્ષકો કે જેઓએ મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે ફરજ બજાવેલ ન હોય તેઓને ૫ વર્ષ માટે મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે મૂકવાના રહેશે.
4. હાલમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષણ નિરીક્ષક પૈકી જે મદદનીશ શિક્ષણ નિરીક્ષકના ૫ (પાંચ) વર્ષ પૂર્ણ થયેલ હોય તેઓને મદદનીશ શિક્ષક તરીકે આપના જિલ્લા હસ્તકની સરકારી શાળામાં તેમના વિષય અને વિભાગને અનુરૂપ ખાલી જગ્યા પર પરત મૂકવાના રહેશે. તેઓને ૫ વર્ષ કરતાં વધુ સમય સુધી મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે રાખી શકાશે નહીં.
5. જો આપના જિલ્લામાં મદદનીશ શિક્ષણ નિરીક્ષકને ૫ વર્ષ પૂર્ણ થયા હોય પરંતુ તેમના વિષયને અનુરૂપ જગ્યા આપના જિલ્લા હસ્તકની સરકારી શાળાઓમાં ઉપલબ્ધ ન હોય તો તેવા મદદનીશ શિક્ષણ નિરીક્ષકની લાયકાત, સ્નાતક કક્ષાએ મુખ્ય વિષય તથા સેવાકાર્ડ સાથે આ કચેરીને હવાલે કરવાના રહેશે.
6. જિલ્લા કક્ષાએ અરજી કરેલ શિક્ષકોની શ્રેયાનતા નક્કી કરી મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે

મૂકવાના રહેશે.

7. જે મદદનીશ શિક્ષક હાલમાં મદદનીશ શિક્ષણ નિરિક્ષક તરીકે ફરજ બજાવે છે તેઓને આ કેમ્પનો લાભ આપવામાં આવશે નહી.
8. મદદનીશ શિક્ષક તરીકે જે વિષય માટે નિમણૂંક થઈ હોય કે શીખવતા હોય (વધુ તાસ લેતા હોય તે વિષય) તે વિષયનું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ ૩૦% કે તેથી વધુ હોય તે જરૂરી છે.
9. મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે વિચારણામાં લેવાપાત્ર મદદનીશ શિક્ષકોની નિવૃતીના ઓછામાં ઓછા ત્રણ વર્ષ બાકી હોવા જોઇશે.
10. જે મદદનીશ શિક્ષકો સામે ખાતાકીય તપાસ ચાલુ કે પડતર હોય તેમને મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે નિમણૂંક આપવા વિચારણામાં લેવાના રહેશે નહીં.
11. ક્રાઈટેરીયામાં આવતા હોવા છતાં કોઈ ઉમેદવાર મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે જોડાવા અનિચ્છા દર્શાવે તો તે ઉમેદવારની લેખિત સંમતિ મેળવી ત્યાર પછીની શ્રેયાનતા અને લાયકાત ધરાવતા ઉમેદવારને મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે નિમણૂંક અર્થે પસંદ કરી શકાશે.
12. કેમ્પમાં હાજર ન રહેલ ઉમેદવારની પાછળથી કોઈ રજૂઆત સાંભળવામાં આવશે નહીં.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ મદદનીશ શિક્ષણ નિરીક્ષકની જગ્યાઓ પર નિમણૂંકની કાર્યવાહી તા.૦૩/૦૫/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરી તે અંગેનો અહેવાલ અત્રે રજુ કરશો.

નોંધ પર માન. નિયામકશ્રીના આદેશાનુસાર,

**બિડાણ** : સંદર્ભદર્શિત પત્રો અને પત્રમાં જણાવેલ પત્રકો,
અરજી ફોર્મ તથા સેવાકાર્ડ

નાયબ શિક્ષણ નિયામક
(મહેકમ)
ગુ.રા.,ગાંધીનગર.

**નકલ સવિનય રવાના**:- માન.નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.

*Signature Not Verified*

*Signed by:MEHULKUMAR G. VYAS
Deputy Director
Date:2025.04.21
12:42:23 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*